# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૩૭ ● સળંગ અંક : ૮૮ ● તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન દ્વારા
## ઓર્ગન ડોનેશન પર ‘મહાદાન’ નાટક

# Donate....
### what is no longer your’s




## શુક્રવાર, તા.૩ એપ્રિલ ૨૦૨૦
## સ્થળ : મહાકવી કાલિદાસ નાટ્યગૃહ, પી.કે.રોડ, મુલુંડ(વેસ્ટ)
## DONOR PASS AVAILABLE

કહેતો મારું આ માથું મૂકી દઉં હથેળી પર,
પરંતુ હાથ જોડી તને મળવા નહીં આવું...
તું દરિયો છે,
તો મારું નામ ઝાકળ છે એ જાણીલે,
નદીની જેમ દોડીને તને મળવા નહીં આવું...

- ખલીલ ધનતેજવી




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જીવનમાં પ્રગતિ જરૂરી

જીવનમાં સફળતા મળે એ સૌને ગમે છે. પછડાટનો અનુભવ કોઈને ગમતો નથી. નિષ્ફળતાની કલ્પના માત્રથી માણસ ગભરાટ અનુભવે છે. નવર્સ થઈ જાય છે, હતાશા અનુભવે છે. સાહસ કરવાથી સિદ્ધિ મળે, સફળતા મળે તો ઉમંગ અને ઉત્સાહ બમણો થાય છે. એ સહેજ સૌની લાગણી છે. તો નિષ્ફળતાથી પગ ડગમગે નહીં એ પણ એટલું જરૂરી છે. નિષ્ફળતાને લીધે હતાશા ઘેરી ન વળે, મન પર હાવી ન થઈ જાય એ આવશ્યક છે. એટલે જ એક કવિએ લખ્યું છે કે 'કદમ અસ્થિર હો તો રસ્તો જડતો નથી, અડગ મનના માનવીને હિમાલય નડતો નથી.'

સફળતા કે સિદ્ધિએ નથી કે તમે કેટલી ઊંચાઈ સુધી પહોંચ્યા, સફળતાએ છે કે આપણાથી અન્યોના જીવનમાં કેટલું સકારાત્મક પરિવર્તન આવ્યું. સારું વ્યક્તિત્વ જરૂરી છે. પણ એ સાબિતતો આપણા વિચાર વર્તન અને વાણી દ્વારા જ સામેવાળાને થાય છે. વ્યક્તિ કેટલું ભણ્યોએ ડિગ્રીના સર્ટિફિકેટ દ્વારા ખબર પડે છે. પણ સમજણ અને સંસ્કારના ગુણો એટલે કે દયા, ભાવના, પ્રેમ વિનય અને વિવેક જેવા ગુણો દ્વારા સજ્જનતાની પરખ થાય છે.

સાદુજીવન, ઉચ્ચવિચાર, આ આદર્શ ઘડતર જીવનનો પવિત્ર મુદ્રાલેખ છે. વ્યક્તિના જીવન ઘડતરમાં પરિવાર ઉપરાંત શાળા, કોલેજ મિત્રોનો સંગાથ, ઘર પરિવારનો માહોલ શિક્ષકો ઉપરાંત પરિવારના વડીલોજનો પાસેથી શીખેલી બાબતો અણમીટ ભાગ ભજવે છે. નાનપણથી બાળકને પરિવાર પાસેથી નૈતિક મૂલ્યોનું ઘડતર તેમજ પાયાનું અવનવું જ્ઞાન મળે છે. સારા સંસ્કારએ વ્યક્તિને સજ્જન વ્યક્તિ તેમજ સામાજિક વ્યક્તિ તરીકેની ઓળખ અપાવે છે. એક વ્યક્તિ તે પોતાના સંસ્કારો દ્વારા જ સમાજમાં અલગ તરી આવે છે. બાળપણથી જે સંસ્કાર આપવામાં આવે તે ક્યારે ભૂલી શકાતા નથી.

જમીનમાં બીજ રોપીએ એટલે તેમાં અંકુર ફૂટે તે આસાન છે. પણ એ અંકુર નાનકડો રોપ બની વૃદ્ધિ પામે તે હવા, પાણી, ખાતરનો પોષણપામી વિકસે એ મહેનત માવજત અને સંભાળ રાખતી પ્રક્રિયા છે. કુમળા છોડને કાળજી પૂર્વક ઉછેરી એ તો ઝડપભેર વૃદ્ધિ પામે છે. ત્યારબાદ એ પોતે અડીખમ બની ફળ-ફૂલ આપતું થઈ જાય છે. આજ પ્રક્રિયા માનવીને પણ લાગુ પડે છે.

દરેક પ્રત્યે આદરની ભાવના વિનયપૂર્વક સહુ પ્રત્યે વર્તન વિવેકથી વાણી પ્રવાહનો ઉપયોગ દરેક કાર્યમાં નિયમિતતા સૌ પ્રત્યે હેત-પ્રેમની લાગણી જો આપણે આપણા ઘડતરમાં વણેલી રાખીએ અને સત્યનિષ્ઠ, પ્રામાણિક નિરાભિમાની અને મળતાવડા સ્વભાવ દ્વારા સૌને મદદ કરવાની ભાવનાથી સૌના મન જીતી લઈએ તો આદર્શ ઈન્સાન તરીકે આપણે સફળ થઈ ગયા એમ સમજો. કોઈપણ ત્રૂટીને સુધારી લેવા માટે કોઈપણ સમય મોડો નથી હોતો. જીવનમાં સફળ થવા પ્રગતિ કરવા ઈચ્છા પ્રત્યેકએ પોતાની ભૂલો અને દોષનું તટસ્થ વિશ્લેષણ કરવાની ટેવ પાડે તેમજ અન્યમાંથી શીખવાને માટે તત્પર રહે તો જીવનમાં પ્રગતિ ગતિશીલ બને અને સફળતાનો રસ્તો સરળ, સુલભ બને એ હકીકત છે. અને જરૂરી છે.

- જય જ્ઞાતિમૈયા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન દ્વારા

# ઓર્ગન ડોનેશન પર 'મહાદાન' નાટક




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજને જ્ઞાતિમાં એક નવા પ્રકારની જાગૃતિ લાવવા માટે ૩જી એપ્રિલે 'મહાદાન' નાટકનું આયોજન કર્યું છે. થાણેના વાગડ સમાજના ડોક્ટરો દ્વારા અભિનીત આ નાટકમાં અંગદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. નાટકના દિગ્દર્શક વસંત મારુ છે, સૂત્રધારે ડો. વૈશાલી બોરીચા છે.

જીવનમાં દાનનુ ઘણું જ મહત્વ છે, પરંતુ અંગદાનનું મહત્વ સૌથી વધુ છે, કારણ કે એનાથી એક વ્યક્તિને નવું જીવન મળે છે. આ નાટ્યપ્રયોગ દ્વારા જ્ઞાતિમાં અંગદાન બાબતે જાગૃતિ ફેલાશે અને આ કાર્યક્રમ દ્વારા ડોનેશનરૂપે એકત્ર થનાર ભંડોળનો ઉપયોગ નબળા તથા જરૂરિયાતમંદ દરદીઓની સારવાર માટે કરવામાં આવશે.

**આ નાટક માણવા આપે ડોનેશન આપો અને પાસ મેળવો ફક્ત રૂા.૨૦૦૦ એક પાસના**




## જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

અથવા વૉટ્સએપ પર મોકલો

9322257731

## VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

CERTIFICATE COURSE

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.

Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station, Above E.H.kathawala

Call : 9820431717 / 9920641717

Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# ડોંબિવલી નગરે નવકાર મહામંત્ર ભાષ્ય જાપ થયા





શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે તા.૯ ફેબ્રુઆરી રવિવાર રોજે નવકાર મહામંત્રમાં ભાષ્ય જાપ મણકો ૧૨ દ્વારા ધર્મ આરાધના થઈ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ ધર્મ આરાધનાનો ભવ્ય લાભ લઈ ધન્ય થયા. લાભાર્થી પરિવાર પૂર્વા રાયચંદ જીવાણીના જન્મદિવસ નિમિત્તે સૌ. સ્મિતા રાયચંદ જીવાણી જખૌવાળા હતા. સંઘ દ્વારા લાભાર્થી પરિવારની અનુમોદના કરાઈ.

# યુવા સમિતિ દ્વારા 'હેપીનેસ' વિષે અનોખી ફોટો ટેલ સ્પર્ધા







શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની યુવા સમિતિ દ્વારા 'હેપીનેસ' શિર્ષક અંતર્ગત હર તસ્વીક કુછ કહેતી હૈનો થીમ ઉપસાવતી 'ફોટો ટેલ' સ્પર્ધા યોજી છે. જેમાં ખુશી-હર્ષ-આનંદની ભાવ દર્શાવતી તસ્વીરો-પિક્ચર ફોટો ક્લિક કરી આ ફોટામાં ક્યાં કઈરીતે આનંદ, હર્ષ, ખુશીની લાગણી ભાવ છલકે છે. તેનો મધ્યવર્તી વિચાર કહેવાનો છે. પિક્ચર ફોટો મોકલવાની અંતિમ તારીખ તા. ૨૫ ફેબ્રુઆરી મંગળવાર છે. વિજેતાને આકર્ષક ઈનામથી નવાજવામાં આવશે. સ્પર્ધકએ રજીસ્ટ્રેશન http ://bit.lsy/phototale ઉપર કરવું

# પ.પૂ.સા.શ્રી જયહર્શિતાશ્રીજી મ.સા.ને 'ખાનદેશ રત્ન'નું બિરૂદ અપાયું

ચાલીસગામ નગર ખાતે મુમુક્ષુ કં મોનિકાબેન મહેન્દ્રભાઈ લોડાયા તેરા-રાયપુરની દીક્ષા પ્રસંગના દ્વિતીય દિવસે તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારના રોજે ખાનદેશ પ્રાંતના સકળ સંઘો તરફથી પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ને 'ખાનદેશ રત્ન' તરીકે બિરૂદ આપવામાં આવ્યું.



# પ.પૂ.મુનિશ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા.નો વિહાર દરમ્યાન અકસ્માત ગ્રસ્ત થયા

પ.પૂ.મુનિશ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા.નો તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૦ ગુરૂવારના રોજ સાંજે વિરાર હાઈવે રોડ પર વિહાર દરમિયાન નાનકડો એકસિડન્ટ થતા પૂજ્યશ્રીના માથે ૬ ટાંકા આવેલ છે.

પૂ.સાહેબજી હવે શાતાપૂર્વક મહાવીર ધામ ખાતે બિરાજમાન છે.

# નલીનપુર નારી નિગમ દ્વારા વેલેન્ટાઈન્સ-ડેની ઉજવણી





નલીનપુર નારી નિગમ-ગામ નલીયા-અબડાસા-કચ્છનું મહિલા મંડળ છે. તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના મુલુંડના વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ મધે વેલેન્ટાઈન્સ ડેની શાનદાર ધમાકેદાર ઉજવણી કરી. મુલુંડ ઉપરાંત મુંબઈના અન્યપરા અંધેરી, ડોંબિવલી, ઘાટકોપર, સાયન, પવઈ, થાણાથી પણ મહિલાઓને ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વેલેન્ટાઈન્સ ડેના લાલ કલર થીમમાં સજ્જ આશરે ૪૫.૫૦ માનુનીઓ આ ઉજવણીમાં સામેલ થઈ. મંડળની મેનેજીંગ કમિટીના મેમ્બર્સ દ્વારા ડેમોન્સ્ટ્રેશન્સ થયા. રંગીન રોયલ રોલ્સ, ગેસ, ઘી, તેલ વગરની મિઠાઈ, તેમજ ચીઝલીંગ કોર્ન ઝટપટ ચાટ અને ૨ પ્રકારના મોઈતો બનાવીને બતાવવામાં આવ્યા. બધા વ્યંજન ખૂબજ સ્વાદીષ્ટ બનેલ હતા. ત્રણ વિવિધ રમતો તેમજ ગીતોની હાઉસી રમાડવામાં આવી જેમાં દરેકે ખૂબ જ રસાકસી અને ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. અંતમાં ડેમોન્સ્ટ્રેશન મિઠાઈ અને ચાટ સાથે અન્ય નાસ્તા અને ચા-પાણીની વ્યવસ્થા હતી. રમતો અને હાઉસીના ઈનામો પણ વેલેન્ટાઈન્સ ડેની થીમ પર આધારીત હતા. ભાગ લેનાર દરેક ખૂબ જ આનંદ અનુભવ્યો.

મંડળની મેમ્બરશીપ હજી ચાલુ છે. નલીયા ગામની વહુદીકરીઓ જે મેમ્બર ન બની હોય એમને વહેલી તકે મેમ્બર બનવા અનુરોધ છે. જેથી પરસ્પર નિકટનો સંબંધ જળવાઈ રહે.

# પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા-૬નો વિહાર કાર્યક્રમ

પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા-૬ તા.૧૧ ફેબ્રુઆરી મંગળવાર વાપી મહાવીર નગર ચાણક્ય નગરી થઈ તલાસરીના મલ્લિનાથ વિહારધામ, તા.૧૨ ફેબ્રુઆરી ચારોટી નાકા એશિયન પંપ થઈ સોમતા વિમલનાથ વિહારધામ, તા.૧૩ ફેબ્રુઆરી ગુરૂવારના મનોર મહાલક્ષ્મી પેટ્રોલ પંપ થઈ ઢેકાલે નાકોડા વિહારધામ, તા.૧૪ ફેબ્રુઆરી ઢેકાલેથી ખાનેવાડી-નવનીત પ્રકાશન થઈ શિરસાડ મહાવીર ધામ તા.૧૫ ફેબ્રુઆરી શનિવારે શિરસાડથી વિરાર પૂર્વ-પરમાત્મા પાર્ક થઈ સંભવનાથ જિનાલય વિરાર પશ્ચિમ અને અગાશી તીર્થ સુખરૂપ વિહાર કર્યા બાદ તા.૧૬ ફેબ્રુઆરી રવિવારે આગાશી તીર્થથી નાલાસોપારા પશ્ચિમ આદિનાથ જિનાલય થઈ નાલાસોપારા પૂર્વ સ્ટેશન રોડ મહેશ પાર્ક મારૂ અચલગચ્છ ભવન. તા.૧૭ ફેબ્રુઆરી સોમવારના નાલાસોપારા પૂર્વ મહેશ પાર્ક અચલગચ્છ ભવનથી વસઈ પૂર્વ ૧૦૦ ફીટ રોડ વિમલનાથ જિનાલયથી નેશનલ હાઈવે નં.૮ ગિરનારધામ તા.૧૮ ફેબ્રુઆરી મંગળવારે ભાયંદર પશ્ચિમ આકાશગંગા એપાર્ટમેન્ટ અને ભાયંદર પૂર્વના જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલય, તા.૧૯ ફેબ્રુઆરી બુધવારે મીરારોડ, વનિતા વિહાર, શાંતિનગર-શીતલનાથ જિનાલય શાંતિનગર, મીરા રોડ થઈ બોરીવલી, મલાડ, તા.૨૦ ફેબ્રુઆરી ગુરૂવાર બોરીવલી મલાડથી ઘાટકોપર (પશ્ચિમ) અસલ્ફા વાસુપૂજ્ય જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ નિશ્રા પ્રદાન પ્રવેશ, વિહાર રૂટ વધુ વિગત માહિતી માટે સંપર્ક વિજયભાઈ-૬૩૫૯૫૦૬૬૦૬, કીર્તિભાઈ-૯૮૨૫૭૩૦૨૪૨, કૃણાલભાઈ-૯૯૩૦૬૩૭૧૦૧

## પ.પૂ.સા.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા. સ્વસ્થતાથી ધર્મવિધિ આરાધનાઓ કરે છે

અમદાવાદ સંઘમાં શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંઘોઈ ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ.સા.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.ની તબિયતમાં દિન પ્રતિદિન સુધારો થતા જાય છે.

તા.૧૦ ફેબ્રુઆરી સોમવાર રોજે સવારે મહિલા મંડળની બહેનો સ્નાત્રપૂજા ભણાવી રહેલ ત્યારે પૂજ્યશ્રી તેમની સાથે દરેક વિધિ કરતા હતા. પૂજ્યશ્રી હજી થોડા દિવસ અમદાવાદમાં જ સ્થિરતા કરશે. સંઘના ભાઈ બહેનો દિવસ રાત તેમની સુંદર રીતે વૈયાવચ્ચ કરી રહેલ છે.





## પ.પૂ.સા.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.ની તબિયત સ્વસ્થ છે

પ.પૂ.સા.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.નું બ્રેઈન એન્જો પ્લાસ્ટની સર્જરી પછી નિષ્ણાત ડોક્ટકોની નિગરાની હેઠળ CIMS હોસ્પિટલના સ્પેશિયલ રૂમમાં હતા. હવે પૂજ્યશ્રીની તબિયત સુધારા પર છે. તેઓશ્રી હાલમાં અમદાવાદ સંઘમાં પાલડી વિસ્તારમાં કસ્તુરબેન રવિલાલ સંઘોઈ અચલગચ્છ ભવનમાં બિરાજમાન છે.

અમદાવાદ સંઘના કાર્યકરો તેમની સુંદર વૈયાવચ્ચ કરી રહેલ છે. પૂજ્યશ્રી હજી થોડા દિવસ અત્રે સ્થિરતા કરશે. ૮૦ વર્ષથી વધારે વર્ષની ઉંમર પ્રમાણે તેમની રીકવરી સારી છે. રોજ સવારે વ્હીલચેરમાં સંઘની બહેનો તેમને જિનાલય દર્શન કરવા લઈ જાય છે. ત્યાર બાદ ઉપાશ્રયની નજીકમાં આવેલ રિવરફ્રન્ટના કિનારી થોડીવાર કુદરતી પ્રદુષણ રહીત વાતાવરણમાં લઈ આવે છે. તેમના દર્શનાર્થે આવનાર ગુરૂ ભક્તો અને આપણે પ્રાર્થના કરીએ ને અંતરથી શુદ્ધ ભાવે ઈચ્છીએ કે તેઓ તુરત સવસ્થ થઈ પુનઃકચ્છમાં પોતાના સાધ્વીજીઓના પરિવાર સાથે જલ્દીથી જોડાઈ જાય શ્રી અખિલ ભારત અચલગચ્છ સંઘના અધિકારીઓ વૈયાવચ્ચ સમિતિના કાર્યકરો પણ અમદાવાદ સંઘના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહી તેમની કાળજી ભરી પુચ્છા કરી રહેલ છે.

## હૈદ્રાબાદ સંઘમાં અઢાર અભિષેક સાથે ધર્મ આરાધનાઓ થઈ





શ્રી અચલગચ્છ જૈન સંઘ જિનેશ્વર ધામ હૈદ્રાબાદ ખાતે પ.પૂ.આ.શ્રી. લક્ષીલીનાજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અઢાર અભિષેકની ધર્મ આરાધનાનો કાર્યક્રમ ઉલ્લાસભેર સંપન્ન થયો. સંઘના બહુ સંખ્ય શ્રાવક-શ્રાવિકાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહી અદ્દભૂત ધર્મલાભનો લ્હાવો પામ્યા હતા. વિધિકાર કેવલભાઈ સાવલા રહ્યાં હતા.

# ચાલીસગામ સંઘમાં જિનાલય ધ્વજારોહણ આગમ દિવાકરની નિશ્રામાં ઉલ્લાસ સાથે સંપન્ન





ચાલીસગામ સંઘમાં આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૪ સાધ્વીજી ભગવંતોના શ્રી ઉતરાધ્યાન સૂત્ર તથા વડી દીક્ષાના જોગ તથા શ્રી ઉતરાધ્યાન સૂત્રના રોજ ૧-૧ અધ્યન ઉપર મનનીય વ્યાખ્યાન-વાચના શ્રેણી ચાલુ છે.

તા.૧૪ ફેબ્રુઆરી શુક્રવારના પૂજ્યશ્રીની નિશ્રામાં તથા પ.પૂ.સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી ઠાણા ૪ તેમજ પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી ઠા.૩ના સાંનિધ્યમાં વિધિકાર કેશવજીભાઈ ધારશી ગડા આદિના સથવારે શ્રી પદ્મસ્વામી જિનાલયની પુનઃપ્રતિષ્ઠા બાદ પ્રથમ વર્ષગાંઠ પ્રસંગે ધ્વજા રોહણ મહોત્સવ રંગે ચંગે ઉજવાયો. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર ધર્મ આરાધનાનો લાભ લીધો હતો.

# વિરાર સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું




તા.૧૫ ફેબ્રુઆરી શનિવારના વિરાર સંઘમાં સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા. આદિઠાણા ૬૫ પધારેલ સંઘ દ્વારા તેમનું ભવ્ય સામૈયું કરાયું. સકલ સંઘના શ્રાવક-શ્રાવિકો, કળશધારી બહેનો અને નગારા વાદન સાથે વાજતે ગાજતે પૂજ્યશ્રીની સંઘમાં પધરામણી થઈ.

તેમના સામૈયા બાદ ત્યાંથી માતુશ્રી કમળાબેન દામજી ધરમશીના રહેઠાણે પૂજ્યશ્રીના પુનીત પગલા થયેલ અને સકળ સંઘ માટે નવકારશીનું આયોજન કરાયેલ.

# પારોલા નગરે ચૈત્ર માસની શાશ્વતી ઓળીની સામૂહિક આરાધના





નવપદ સાધક પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગર-સૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં તા.૩૦ માર્ચ ૨૦૨૦થી તા.૭ એપ્રિલ ૨૦૨૦ સુધી ચૈત્ર માસની શાશ્વતી ઓળીની સામૂહિક આરાધના કરાશે. આ પ્રસંગે ચડતે ભાવે ઉત્કૃષ્ટ આરાધનાનો લ્હાવો લેવા પધારવાનું નિમંત્રણ આયોજક શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ તથા સહયોગી શ્રી આર્યરક્ષિત જૈન ધર્મ રક્ષક મુંબઈ દ્વારા અપાયું છે.

શાશ્વતી ઓળી આરાધનાના શ્રેષ્ઠ આકર્ષણોમાં શ્રી પાલ મયણા એ જે પ્રમાણે વિધિપૂર્વક આરાધના કરેલ તે સંપૂર્ણ વિધિપૂર્વક છ'રિ પાલન પૂર્વક આરાધના સિધ્ધ ચક્રજીની સામૂહિક યંત્ર આરાધના, બપોરે સામૂહિક ભાષ્ય જાપ પૂર્વક સાધના. અચલગચ્છની સમાચારી મુજબ બે ટાઈમ પ્રતિક્રમણ.

પારોલ તીર્થમાં ચડતે ભાવે દૈનિક ઉત્કૃષ્ટ આરાધનાનો લ્હાવો જેમાં પ્રતિદિન ૧૬૦ વર્ષ પ્રાચીન તીર્થ પારોલામાં શાંતિનાથ દાદાની ત્રિકાળ ભક્તિ, ઠાઠમાઠથી સ્નાત્ર પૂજા. તત્વબોધક, સત્વવર્ધક નવપદજીના પ્રવચનો. શાશ્વત ઓળીની સામૂહિક આરાધના. વિશેષ નોંધમાં આરાધકોને આવવા જવાના સ્લિપર કોચ ટિકીટના પૈસા પાછા આપવામાં આવશે. આરાધકોએ વહેલી તકે ફોર્મ ભરવા માટે સંપર્ક ગોંવિદજી નેણશી સોની-૯૯૨૩૪૬૭૬૪૦, પરેશ પ્રેમજી ગાલા-૯૮૨૧૦૫૬૪૦૧, અશોક સાવલા-૯૩૨૧૨૪૯૮૨૫, ધનપતિભાઈ મોમાયા (જલગામ)-૯૪૨૩૧૮૫૭૧૬ તથા પીયૂષભાઈ ડાઘા (નાસિક)-૯૪૨૩૯૭૪૦૩૪.




# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા સુપ્રીમ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા દર વર્ષની મુજબ આ વર્ષે પણ સ્વ.મેઘકુમાર નરશી દૌલત સુથરી-ઘાટકોપર હસ્તે શ્રી તરૂણભાઈ તેમજ ૨૦ સહયોગી દાતાશ્રીઓના અને સુપ્રીમ કપના સ્પોન્સર કેતુલ વીરચંદ પોલડિયા બાયઠના સહયોગથી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રવિવાર તા.૯ ફેબ્રુઆરીના ડી.એન.સી.ગ્રાઉન્ડ, ડોંબિવલી (પૂર્વ) ખાતે કરાયું હતું. કાર્યક્રમની શરૂઆતે સવારે ૭.૪૫ કલાકે અગરબત્તી પૂજન અને શ્રીફળ વધેરીને શુભ શરૂઆત કરાઈ.

કુલ્લ છ ટીમો જેમાં રામાપીર, મહાવીર ઈલેવન, યુથ સ્ટ્રાઈકર્સ-ભાંડુપ, ડોંબિવલી સ્ટ્રાઈકર્સ, કાંજુરમાર્ગ નાઈટ રાઈડર્સ અને અનંતછાયા ઈલેવન ઘાટકોપર હતી. સ્પર્ધામાં કુલ્લ ૧૩ મેચો રમાઈ અને દરેક મેચ ૪ ઓવરની હતી. ટૂર્નામેન્ટમાં ઘાટકોપર, કાંજુરમાર્ગ, ભાંડુપ, મુલુંડ અને ડોંબિવલીના ક્રિકેટ રમતવીરો પોતાની ઉત્કૃષ્ટ પ્રતિભા ઝળકાવતા મેદાનમાં ઉતર્યા હતા. મુખ્ય દાતા પરિવાર, સહયોગી દાતા પરિવાર, આમંત્રિત મહેમાન ગણ, જ્ઞાતિજનો અને સર્વે ક્રિકેટ ટીમના મેમ્બરો મળી ખૂબજ સારી સંખ્યામાં હાજરી રહી હતી. બહુધા મેચો રસાકસી અને ઉતેજના ભરી રહી હતી. સૌએ પ્રત્યેક ખેલાડીઓના ઉત્તમ પર્ફોમન્સને બિરદાવી ઉત્સાહ વધારતા હતા અને પાનો ચડાવતા હતા. સમગ્ર રીતે પૂરો માહોલ ખેલદિલથી ભર્યો રહ્યો હતો. મુંબઈ મહાજનના માનદમંત્રી રમેશ હીરજી લોડાયા-સુથરી, ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના ભૂતપૂર્વ પ્રમુખો નીતિન રાયચંદ સાયલા-સુથરી, નરેન્દ્ર જેતશી શિયાલ-દલતુંગી, વીરેન્દ્ર ભવાનજી લોડાયા-નલિયા, રાયચંદ દેવશી જીવાણી-જખૌ તેમજ મુકેશ ભવાનજી લોડાયા-મોટી સિંધોડી, નવીન વિશનજી મૈશેરી-જખૌ, વિજય વિશનજી સોની-વાંકુ, નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ, સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી અને ડાયામિક યુથ ફોર્મ ડોંબિવલીના સભ્યો પણ ટુર્નામેન્ટને માણવા, સર્વે ક્રિકેટ ટીમોને પ્રોત્સાહિત કરવા પધાર્યા હતા.

બેસ્ટ ફિલ્ડર સંકેત સતિષ લાલકા-યુથ સ્ટ્રાઈકર્સ, બેસ્ટ બોલર મિહિર પ્રવીણ લાલકા-યુથ સ્ટ્રાઈકર્સ, બેસ્ટ બેટસમેન ભુનેશ નીતિન લોડાયા યુથ સ્ટ્રાઈકર્સ, બેસ્ટ પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ રોમિલ કિરણ લોડાયા, અનંતછાયા ઈલેવન રહ્યા હતા. ભાડુપની યુથ સ્ટ્રાઈકર્સ ટીમ રનરઅપ જ્યારે ઘાટકોપરની અનંત છાયા ઈલેવન વિજેતા થઈ હતી. દરેક સ્પર્ધકને ટ્રોફી આપવામાં આવી હતી. ટ્રોફી વિતરણ સમારોહનું સંચાલન મહેન્દ્ર મેઘજી મોતાએ કર્યું હતું.

ટૂર્નામેન્ટ દરમ્યાન સવારના નવકારશી બપોરના ભોજન તેમજ સાંજે ચા-કોફી, બિસ્કીટ તથા પાણીની વ્યવસ્થા મંડળ તરફથી રાખવામાં આવી હતી. સ્કોરરની સેવા ગિરીશ ભવાનજી મેઘાણી રંગપુર, કોમેન્ટર તરીકે ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા ગોએર સમા, પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા-નલિયા સુંદર રીતે અને મનોરંજન પૂરક રીતે કોમેન્ટરી આપી હતી. એમ્પાયર તરીકે કાંતા પ્રસાદ શર્મા અને સિંઘએ સેવા ફરજ આપી હતી.

સમગ્ર ટૂર્નામેન્ટ આયોજન કાર્યક્રમને સફળ બનાવવા રમતગમત સમિતિના ચેરમેન નીલેશ શિવજી મૈશરી. વારાપધ્ધર તેમજ મંડળના સર્વે સભ્યોના સાથ સહકારથી એક દિવસીય સુપ્રીમ કપ ક્રિકેટ ટૂર્નાનેન્ટનું આયોજન ઉત્તમ રીતે પાર પડ્યું હતું એવી માહિતી ચેતન લહેરચંદ નાગડા-નલિયાએ આપી હતી.

# પ.પૂ.સા.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજીની મુંબઈ મધે પધરામણી

કલાગુરૂની સૂરિપદની તિથિ આવી, ગુરુદેવની પધરામણીના સમાચાર લાવી. શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના પટ્ટાલંકાર, રાજસ્થાન-દક્ષિણ દીપક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુરૂવાર તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૦ના ૩૨મી આચાર્ય પદની તિથિ છે. ૩૧ વર્ષ પૂર્વે રાજસ્થાનના દંતાણી તીર્થે પ.પૂ.આ.શ્રી આર્યરક્ષિતસૂરિશ્વરજી મ.સા.ની જન્મ-કર્મ-દીક્ષાભૂમિમાં પરમગુરૂદેવના હસ્તે સૂરિપદ અર્પણ થયેલ.

પ્રાથમિક વર્ષમાં સૂરિમંત્રની પાંચ પીઠિકાની આરાધના, ૩૧ વર્ષથી દરવર્ષે પીઠિકાની આરાધના અને નિત્ય સૂરિમંત્રનું પટ્ટપૂજન-જાપ આરાધના દ્વારા અનેક શાસન પ્રભાવના કરી રહ્યાં છે. સંયમ જીવનના સુર્વણ વર્ષ ૫૧મા વર્ષમાં સુંદર ચારિત્ર સાધના કરી રહેલા પ.પૂ.ગુરૂદેવશ્રીના સકળ સંઘની ભાવ ભરી વંદનાવલી,

પ.પૂજ્યશ્રી અલ્પ સમય માટે મુંબઈ પધાર્યા છો. તો વધુને વધુ સંઘોમાં પગલાં કરી લાભ આપો એવી સર્વેની ભાવના છે. તા.૧૯ ફેબ્રુઆરી બુધવારના દિને બપોરે ૩ કલાકે બોરીવલીથી પ્રવેશશે. સકલ સંઘ સામૈયામાં પધારે તથા તા.૨૦ ફેબ્રુઆરી ગુરૂવારના અસલ્ફા, ઘાટકોપર (પશ્ચિમ)માં પ્રવેશ અને આચાર્યપદ વંદનાવલિમાં પણ સૌને લાભ લેવા આગ્રહ ભરી વિનંતી.

# કોઠારા જિનાલયની ૧૫૯ મી વર્ષગાંઠ ઉજવાઈ



અબડાસા મોટી પંચતીર્થીનાં સેન્ટ્રલ સમાન કોઠારા જિનાલયની ૧૫૯મી વર્ષગાંઠ પૂ. સાધ્વી શ્રી મોક્ષયશાશ્રીજી મ.સા. આદિઠાણા-૬ની શુભ પાવન નિશ્રામાં ધાર્મિક કાર્યક્રમો સાથે ભાવભેર ઉજવાઈ હતી. શાંતિનાથ પ્રભુજી જિનાલયની મુખ્ય ધ્વજારોહણનાં ચડાવાનો લાભ રાયચંદ ભોજરાજ ધરમશી પરિવારે લીધો હતો. અન્ય ધ્વજાઓનાં ચડાવાનો લાભ વિવિધ દાતા શ્રીઓએ લીધેલ. સતરભેદી પૂજા દરમ્યાન જિનાલયનાં શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. પ્રભુભક્તિનાં રંગેરંગાઈ ભાવિકો ભક્તિરાસ તથા ચામરનૃત્ય સાથે નાચીઝુમી ઉઠ્યા હતા. જૈનમ જ્યતિ શાસનમનાં દુપટાઓમાં સુશોભિત શ્રાવક-શ્રાવિકાઓએ આકર્ષણ જમાવ્યું હતું.

ગીત-સંગીતની રમઝટ અને ધ્વજાની શાસ્ત્રોક્ત વિધિ કમલેશ ગોસ્વામી એન્ડ પાર્ટી એ કરાવી હતી. આ પ્રસંગે કલ્પેશભાઈ મોતા, વિનોદ લાલકા, હરીશ નાગડા, હીરાલાલ જીવાણી, યશોમતીબેન મૈશેરી, ગુલાબ મણશી, અશોક મોમાયા, કિશોર ધરમશી, શાંતિલાલ ધરમશી, રમીલાબેન લોડાયા, જયાબેન મુનવર, જ્યોતિબેન લાલકા, સરલાબેન મોતા તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બપોરે સ્વામિવાત્સલ્ય માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ પરિવાર તરફથી યોજાયું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન ધનપતિ લોડાયાએ કરેલ. વ્યવસ્થામાં કાંતીલાલ લાલકા, મુલચંદ મુનવર, નીલેશ મૈશેરી, દીનેશ મોતા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા, ચંદ્રકાંત મુનવર, પ્રદિપ મુનવર, ભવ્ય શાહનંદે સહકાર આપ્યો હતો.


Samast Mahajan, Sanjivani Initiative

KDO

**CASE No.: 15**

**DONATION NEEDED!**

**Mr. CHANDRAKANT P DHARAMSHI**

**Age 80, Suthari, Nashik Road**

Came to Mumbai at Relative House and suddenly was unable to walk & got disoriented. Admitted in Hira Mongi Hospital, Mulund in emergency. Got operated, Craniotomy was performed with removal of clot. Recovering in ICU and stable.




**DONATION REQUIRED**

**Rs.2 Lacs**

Bank Details:
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Dena Bank Branch : Mulund (West)
S. A/C. No. 009410031785
IFSC code. : BKDN0460094

For Live Donations on Sanjivani App pls contact: +91 90990 41414

Shri Samast KDO Jain Mahajan Medical Committee

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 90990 41414

# સાહિત્ય દિવાકર યુવા આચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની વસઈ નગરે ભવ્ય પધરામણી થશે

તા.૧૭ ફેબ્રુઆરી સોમવાર રોજે સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક યુવા આચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. ૫૦ વર્ષનો દીક્ષા પર્યાય પૂર્ણ કરી કચ્છ પ્રાંતના નરેડી ગામે યશસ્વિ ચાતુર્માસ પૂર્ણ કર્યા બાદ ઉગ્ર વિહાર કરી વિશેષ શિષ્યવૃંદ સહ વસઈ નગરે સવારના ૭.૧૫ કલાકે પધારી રહ્યા છે.

પૂજ્યશ્રીનું સવારના ૭.૧૫ કલાકે મહાવીર ચોકમાં ભવ્ય સામૈયું કરાશે. માંગલિક પ્રવચન બાદ સકલ શ્રી સંઘની નવકારશી, સવારના ૯.૩૦ કલાકે પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના નિશ્રામાં શ્રીમતી હેમલતાબેન હસમુખભાઈ ગંગર પરિવાર તરફથી ઉવસગહરમ જાપ. ઉવસગહરમ જાપમાં જોડાયેલા સર્વે આરાધકો ફરજીયાત માળા-કટાસણો સાથે લઈ આવવું. નવકારશી માટે ઓફિસ ફોન-૦૨૫૦-૨૩૩૪૨૩૩ ઉપર ફોન કરીને સંખ્યા જણાવવી.

# માંડવી નગર નવનિર્મિત શ્રી ગૌતમગુણ ગુલાબ ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન થયું

કચ્છ માંડવી અચલગચ્છ જૈનસંઘ સંચાલિત શ્રી ગૌતમગુણ ગુલાબ ઉપાશ્રયના ઉદ્‌ઘાટનનો ત્રિદિવસીય મહોત્વ તા. ૭ ફેબ્રુઆરી શુક્રવારથી તા. ૯ ફેબ્રુઆરી રવિવાર સુધી યોજાયો. અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા. પ.પૂ વસંતપ્રભાશ્રીજી પ્રણેતા દિનેશમુનિ મ.સા.પ.પૂ. શ્રીભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પ.પૂ.વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ વિશાળ શ્રમણ શ્રમણીવૃંદનો પ્રવેશ દાદાવાડીથી વહેલી સવારે થયો. સ્વામિનારાયણ બેન્ડ તેમજ સાફાધારી ભાઈઓ અને કળશધારી બહેનોએ સામૈયામાં આગવું આકર્ષણ ખડુ કર્યું.

જૈનપુરીમાં મુખ્ય દાતા માતા રતનબેન તેજશી ગંગર પરિવારના હસ્તે દાતા પરિવારોનું બહુમાન કરાયું હતું. પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.એ મંગલાચરણ કરાવી દાતા પરિવારોની ઉદાત ભાવનાને બિરદાવી હતી તેમજ માંડવી સંઘની એકતાની ભારોભાર પ્રશંસા કરી હતી. આ પ્રસંગે પ.પૂ.વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.એ જિનાલય કરતાં ઉપાશ્રયનું મહત્વ વધારે છે. એમ જણાવી ઉપાશ્રયમાં સાધના, સામાયિક, મૌન સ્વાધ્ય, પ્રવચન સાંભળવા શ્રાવક-શ્રાવિકાઓ આવશે ત્યારે વધુ સુંદર લાગશે તેવું ઉમેર્યુ હતું. માનવ મંદિરના પ્રણેતા પ.પૂ. દિનેશમુનિ મ.સા. તથા પ.પૂ. પ્રિયંકરસાગરજી મ.સાએ ઉદ્‌બોધન કર્યું હતું.

સંઘપ્રમુખ મયુરભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે વિવિધ સંઘના જૈનશ્રેષ્ઠીઓ. અગ્રણીઓ તેમજ બહુસંખ્ય શ્રાવક-શ્રાવિકાઓની ઉત્સાહ ભેર હાજરી રહી હતી.

દ્વિતીય દિવસ શનિવાર તા. ૮ ફેબ્રુઆરીના સવારે ૮.૩૦ કલાકે આંબા બજાર ઉપાશ્રયથી શોભાયાત્રા સાથે નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન પ્રાસંગિક પ્રવચન બહુમાન સમારોહ કાર્યક્રમ બપોરે નૂતન ઉપાશ્રયે સામૂહિક સામાયિક સાથે જાપ અનુષ્ઠાન તથા રાત્રે ૮.૩૦ કલાકે જૈન પુરીમાં ધાર્મિક ભાવના થઈ.

તૃતીય દિવસ રવિવાર તા. ૯ ફેબ્રુઆરીના દિવસે નૂતન ઉપાશ્રયે નમિઉણ મહાપૂજન સવારે ૯ કલાકે કરાયું. ત્રિહાન્હિકા મહોત્સવના દરેકે દરેક ધર્મ અનુષ્ઠાન તથા ધર્મ આરાધનાઓમાં સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ઉત્સાહભેર જોડાઈ ધર્મલાભનો અનોખો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા




● કચ્છમાં સૌ પ્રથમવાર ભુજમાં ખારી નદી સ્થિત રોટરી ફ્લેમિંગો સંચાલિત સ્વર્ગ પ્રયાણધામમાં ગેસ સંચાલિત સ્મશાનગૃહને પાંચ વર્ષ પૂરા થઈ ગયા છે. હવે ઈન્ટરનેટના માધ્યમથી સ્વજનો અંતિમ વિધિ ઘર બેઠા જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવાનું આયોજન ગોઠવાઈ રહ્યું છે. તેમજ સીસીટીવીથી સજ્જ કરાશે. આસપાસ વધતી જતી વસતી અને પર્યાવરણની જાળવણીની નજરે ચીમની ઊંચી કરવાનો નિર્ણય લેવાયો છે.

● નલિયા ખાતે આવેલા રાજ્યકક્ષાના મરીન ટ્રેનિંગ સેન્ટર ખાતે તાલીમ લઈ રહેલા મરીન કમાન્ડોના આંતરરાષ્ટ્રીય તરાકુ તરવૈયા સુફિયાન શેખ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં એક્ષ્પર્ટ કોચ દ્વારા દરિયામાં કેવી રીતે કંઈ ટેકનિકથી તરવું તે અંગે ઊંડાણપૂર્વક જ્ઞાન અપાયું. મરીન કમાન્ડોને દરિયામાં આતંકવાદ વિરૂધ્ધ ઓપરેશન કરવાના હોય છે. ગુજરાત મરીન ટાસ્ક ફોર્સ દ્વારા આ કામ માટે વિવિધ તાલીમ તથા સેમિનારનું આયોજન કરાય છે અને કમાન્ડો અસરકારક કામગીરી બજાવી શકે તે અંગે માર્ગદર્શન અપાય છે.

● માંડવીના માતૃભૂમિ સેવા ટ્રસ્ટના ઉપક્રમે રતનબેન ગોકલદાસ રામૈયા પરિવારના સહયોગથી આયુર્વેદિક અને કુદરતી ઉપચાર ચિકિત્સા કેમ્પનું આયોજન માધાપર-ભુજના વૈદ્ય અતુલ દવે દ્વારા કરાયો. જેમાં ૪૭ દર્દીઓને તપાસ કરીને સારવાર કરી હતી અને માર્ગદર્શન આપ્યું હતું.

● આદિપુરના સાંઈબાબા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત એક્યુપ્રેશર કેન્દ્રને ગાંધીધામ લાયોનેસ ક્લબના નેજા હેઠળ હાથ અને ખભા માટેના બે ઉપકરણો તથા પગનું મશીન ભેટ અપાયા હતા. લાયોનેસના પૂર્વ પ્રમુખ હર્ષા મહેતા અને લાયોનેસ ક્લબ દ્વારા ભેટ અપાઈ હતી.

● ગાંધીધામના સેક્ટર-૧ વિસ્તારમાં આવેલા અયપ્પા ભગવાનના મંદિરના ૪૧મા વાર્ષિક ઉત્સવની ઉજવણી પ્રસંગે શહેરના મુખ્ય માર્ગો પરથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં દક્ષિણ ભારતના સંસ્કૃતિના ઝલક છવાઈ હતી. કેરાલાથી ૮૦થી વધુ કલાકારો પરંપરાગત વાહન વિવિધ કૃતિઓ દ્વારા કેરાલા રાજ્યના કલાના કામણ પાથર્યા હતા. આ વેળા એ ગાંધીધામ રસ્તાઓ ભગવાન અય્યપાના જય જય કારથી ગૂંજી ઊઠ્યા હતા.

● ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ કચ્છ જિલ્લા કાનૂની સેવા સતા મંડળ દ્વારા ફેમિલી અદાલત યોજાઈ. જેમાં પરસ્પર સમાધાન થકી પાંચ દંપતિ ફરી રહેવા સંમત થયા હતા. તો આ ફેમિલી લોક અદાલતમાં ૭૦માંથી ૬૪ કેસોનો નિકાલ થયો હતો અને ભરણ પોષણ પેટે રૂા.૭.૪૯ લાખની રિકવરી કરાઈ હતી.

● મુખ્ય જિલ્લા ન્યાયધીશ અને અધ્યક્ષ જિલ્લા કાનૂની સેવા સતા મંડળના અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં ૩ હજારમાંથી ૨૨૧૨ કેસનો નિકાલ કરાયો અને ૧૪.૭૪ કરોડની વસૂલાત કરવામાં આવી હતી. આ અદાલતમાં સમાધાન લાયક ફોજદારી કેસો, લગ્ન વિષયક તકરારના કેસો, દીવાની દાવા, લેણી રકમના દાવા, દરખાસ્તો, મોટર અકસ્માત વળતર, લેબર કોર્ટ, વીમા કંપનીઓને લગતા કેસોનો લોક અદાલતમાં નિકાલ કરાયો હતો.

● અબડાસા તાલુકાના વિંઝાણ ગામે ૨૫૭ વર્ષ પહેલાં ખેલાયેલા ઝારાના યુધ્ધની તિથિ નિમિત્તે વીરપૂજા, શાંતિ હવન અને લોક ડાયરોના કાર્યક્રમ યોજાય હતા. વિંઝાણ ઠાકોર વીર લાખોજી દાદાની છતરડી આવેલી છે. જેમને ઝારાના યુધ્ધનું સેનાપતિ પદ સ્વીકારી સિંધના બાદશાહ ગુલામ શાહ કલોરાના વિશાળ લાવ લશ્કર સામે કચ્છના સૈન્યનું નેતૃત્વ કરતાં છ દિવસ ચાલેલું આ ભયાનક યુધ્ધ જેની ગણના ભારતના ૧૦ વિશાળ યુધ્ધોમાં થાય છે એવું યુધ્ધ કર્યું હતું અને તે યુધ્ધમાં મોટું પચક્રમ દાખવી અંતિમ દિને વીરગતિ પામ્યા હતા.

# જીવન ઘટમાળ

**જ્ઞાતિ સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૨.૨૦૨૦ | કોઈમ્બતુર | ધૈર્ય ભાવેશ દિનેશ લોડાયા | નાની ખાવડી | ૨૩ |
| | અહમદાવાદ | શ્વેતા ગિરીશ લક્ષ્મીચંદ દંડ | લાલા | ૨૩ |
| ૧૩.૦૨.૨૦૨૦ | ડોમ્બીવલી | સચિન રમેશ હંસરાજ નાગડા | રંગપુર | ૨૭ |
| | ડોમ્બીવલી | જીનલ અશોક લાલજી લોડાયા | દલતુંગી | ૨૫ |

**જ્ઞાતિ લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૦૧.૨૦૨૦ | દંતાણી | દિપક ભરત આશારીયા દંડ | લાલા | ૨૫ |
| | ભાંડુપ | ગ્રીષ્મા જગદીપ પદમશી લોડાયા | તેરા | ૨૫ |
| ૦૩.૦૨.૨૦૨૦ | ડોંબિવલી | દિપક રાજેશ શામજી લાપસીયા | રંગપુર | ૨૮ |
| | મુલુંડ | પાયલ મહેશ વાલજી શાહ (મૈશેરી) | જખૌ | ૨૬ |

**આંતરજ્ઞાતિ સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૦૨.૨૦૨૦ | યુએસએ | વત્સલકુમાર રમેશચંદ્ર કેશુભાઈ રાણા | બીલીમોરા | ૨૬ |
| | ડોમ્બીવલી | નેહલ ગુલાબચંદ લખમશી | દલતુંગી | ૨૮ |
| ૧૦.૦૨.૨૦૨૦ | થાણે | ધર્મેશ શરદભાઈ છોટાલાલ શેઠ | ઉપલેટા | ૩૭ |
| | વડોદરા | ડીમ્પલ ભરત તારાચંદ ધરમશી | સુથરી | ૩૫ |

**આંતરજ્ઞાતિ લગ્ન છુટા**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૧.૨૦૨૦ | પાર્લા | હર્ષ શરદ નાથાલાલ લોડાયા | નાની ખાવડી | ૩૩ |
| | જોગેશ્વરી | પૂજા શીલવંત બેમાન પટેલ | મુંબઈ | ૩૦ |

**જ્ઞાતિ લગ્ન છુટા**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૨.૨૦૨૦ | થાણે | જીગેન ગિરીશ વર્ધમાન ધરમશી | નલિયા | ૩૦ |
| | નાગપુર | જાનવી મુકેશ માણેકજી મૈશેરી | જખૌ | ૩૦ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૨.૨૦૨૦ | વરાડીયા | દેવેંદ્ર કુંવરજી મોમાયા | વરાડીયા | ૬૫ |
| ૦૯.૦૨.૨૦૨૦ | ડોંબિવલી (૫) | હિમત જેઠાલાલ લાપસીયા | રંગપુર | ૫૦ |
| ૧૦.૦૨.૨૦૨૦ | રંગપુર | કાંતીલાલ લાલજી લાલકા | રંગપુર | ૭૩ |

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

*Diamond manufactrers,*
*exporter's & importer's*
*Exclusive designer jewellery*
*Dealing with EF VVS quality*
*Own manufacturing unit in mumbai & chennai*

LIFE MEMBER




6, 5th Floor, Crown Court Building, 128, Cathedral Road,
Chennai - 600 086. Tel.: +91 44 4314 1444 / 1555
www.shubhdiamonds.com

**–: શુભેચ્છા સહ :–**
**માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર**
**(ગામ–સાયરા)**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO